નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના અને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, સંત સુરદાસ યોજનાની માર્ચ-૨૦૨૦માં એપ્રિલ માસની એડવાન્સ ચૂકવણી અને એપ્રિલ તથા મે માસના રૂ.૫૦૦-૫૦૦ મળી કુલ રૂ.૧૦૦૦/- વધારાની એક્સ ગ્રેસિયા સહાયની ચૂકવણી બાબત.

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક: વનપ/૧૦૨૦૨૦/૧૭૧૬૮૩/છ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૨૧/૧૧/૨૦૨૦**

વંચાણે લીધા :-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: સસુખા/નવપ/૨૦-૨૧/૨૧૯૦, તા.૨૭/૧૦/૨૦૨૦.

નિયામક સમાજ સુરક્ષા
ગુ.રા., ગાંધીનગર
આવક રજી.નં.
તારીખ:

**પ્રસ્તાવના**

નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ની મહામારીના કારણે રાજ્ય સરકારશ્રી દ્વારા નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય દિવ્યાંગ યોજના અને સંત સુરદાસ યોજનાઓનું માહે માર્ચ-૨૦૨૦માં, માહે એપ્રિલ-૨૦૨૦ની સહાયની એડવાન્સમાં ચૂકવણી કરવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. ઉપરાંત ભારત સરકારના નાણાં મંત્રીશ્રી દ્વારા તા.૨૬/૦૩/૨૦૨૦ના રોજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના પેકેજમાં વૃદ્ધો અને દિવ્યાંગોને નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ની ઈફેક્ટ અન્વયે ભારત સરકારની વૃદ્ધ સહાય અને દિવ્યાંગ સહાય યોજનામાં નિયમિત સહાય ઉપરાંત એપ્રિલ-૨૦૨૦માં રૂ.૫૦૦/-અને મે-૨૦૨૦માં રૂ.૫૦૦/-એમ વધારાના રૂ.૧૦૦૦/-ની એક્સ ગ્રેસિયા સહાય ચૂકવવાની જાહેરાત કરવામાં આવેલ હતી.

ઉક્ત યોજનાઓની સહાય માટેની જાહેરાત પરત્વે નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના અને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, સંત સુરદાસ યોજનાની માર્ચ-૨૦૨૦માં એપ્રિલ માસની એડવાન્સ ચૂકવણી તથા એપ્રિલ અને મે માસના રૂ.૫૦૦-૫૦૦ મળી કુલ રૂ.૧૦૦૦/- વધારાની એક્સ

Scanned with CamScanner

ગ્રેસિયા સહાયની ચૂકવણી કરવામાં આવેલ. આ ચૂકવણીની પશ્ચાદવર્તી અસરથી મંજૂરી આપવા અંગેની નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય દિવ્યાંગ યોજના અને સંત સુરદાસ યોજનાઓનું માર્ચ-૨૦૨૦માં, એપ્રિલ-૨૦૨૦ની સહાયની એડવાન્સમાં ચૂકવણી કરવા માટે સુધારેલ અંદાજોની મર્યાદામાં રૂ.૨૮૬૩.૫૪ લાખ એડવાન્સ ગ્રાન્ટ અને રૂ.૧૦૨૦૮.૦૩ લાખ બજેટ જોગવાઇ ઉપરાંત એમ કુલ મળીને રૂ.૧૩૦૭૧.૫૭ લાખની ગ્રાન્ટમાંથી અને ભારત સરકારના નાણાં મંત્રીશ્રી દ્વારા તા.૨૬/૦૩/૨૦૨૦ના રોજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના પેકેજમાં વૃદ્ધો અને દિવ્યાંગોને નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ની ઈફકેટ અન્વયે ભારત સરકારની નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબની યોજનામાં નિયમિત સહાય ઉપરાંત રૂ.૫૦૦/-લેખે એપ્રિલ-૨૦૨૦ તથા મે-૨૦૨૦ની વધારાની ચૂકવવાપાત્ર રૂ.૧૦૦૦/-ની એક્સ ગ્રેસિયા સહાય માટે કેન્દ્રના હિસ્સાની રૂ.૫૯૧૪.૮૦ લાખ અને રાજ્યના હિસ્સાની રૂ.૪૨૭૯.૦૪ લાખ એમ કુલ રૂ.૧૦૧૯૩.૮૪ લાખની વધારાની સહાયની ચૂકવણી માટે સંબંધિત સદરે સુધારેલ અંદાજમાં જોગવાઇ કરાવવાની શરતે ખર્ચ માટે આથી પશ્ચાદવર્તી અસરથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાઓનું નામ | લાભાર્થીઓની સંખ્યા | રૂતથા મે ૨૦૨૦-લેખે એપ્રિલ-/૫૦૦.-૨૦૨૦ની વધારાની ચૂકવવાપાત્ર રકમ (લાખમાં.રૂ) (૧૦૦૦.પ્રતિ લાભાર્થી રૂ) | | |
|---|---|---|---|---|---|
| | | | કેન્દ્રનો હિસ્સો | રાજ્યનો હિસ્સો | કુલ રકમ |
| ૧. | રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૫૮૦૭૦૬ | ૫૮૦૭૦૬. | ૦૦૦. | ૫૮૦૭૦૬. |
| ૨. | રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૨,૭૦,૦૨૫ | ૦૦૦. | ૨૭૦૦૨૫. | ૨૭૦૦૨૫. |
| ૩. | નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૧,૧૬,૪૭૬ | ૦૦૦. | ૧૧૬૪૭૬. | ૧૧૬૪૭૬. |
| ૪. | રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના | ૧૦,૭૭૪ | ૧૦૭૭૪. | ૦૦૦. | ૧૦૭૭૪. |
| ૫. | રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના | ૧૭૨૬ | ૦૦૦. | ૧૭૨૬. | ૧૭૨૬ |
| ૬. | સંત સુરદાસ યોજના | ૩૯,૬૭૭ | ૦૦૦. | ૩૯૬૭૭. | ૩૯૬૭૭. |
| કુલ | | ૧૦,૧૯,૩૮૪ | ૫૯૧૪૮૦. | ૪૨૭૯૦૪. | ૧૦૧૯૩૮૪. |

Scanned with CamScanner

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૩/૨૦૨૦ અને તા.૦૯/૦૪/૨૦૨૦ની નોંધ તથા સરકારશ્રીની તા.૧૭/૦૪/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લૉક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લૉક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.

Scanned with CamScanner